## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ તમે કહ્યું તેમ... સાહેબ આવવાના છે તેના માટે ખાટ પે ચર્ચા વાળા વિચારતા થઇ જાય તેવું વિચારતા... આ આઈડિયા આવ્યો.. 'એરોપ્લેન સીટ પે ચર્ચા...'

# ચંદન ચોરતી આંતર રાજય ગેંગના સાગરીતો પકડાયા

## બે મુખ્ય સુત્રધારો રાજસ્થાનથી ચંદન ચોરી માટે ટીમો મોકલતા હતા : ગાંધીનગરની ત્રણ ચંદન ચોરી અને ધાડનો ગુનો ડિટેકટ : ચારની ધરપકડ : સાત ફરાર

ગાંધીનગર, તા.૧૫

રાજસ્થાનમાંથી બેઠા બેઠા ભાડુતી ટીમો તૈયાર કરીને અલગ અલગ વિસતારોમાં ચંદન ચોરવા માટે મોકલતા બે મુખ્ય સુત્રધારો ચાર સાગરીતોને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડયા છે. ચંદન ચોરતી આ આંતર રાજય ગેંગના ચારેય સાગરીતોને પકડી પાડવામાં આવ્યા છે. જો કે મુખ્ય સુત્રધાર પકડાય તો ચંદન ચોરીના સંખ્યાબંધ ગુનાઓ ડિટેકટ થાય તેવી શકયતા છે. પકડાયેલા ચાર શખ્સોની પુછપરછમાં ગાંધીનગર સે-૨૦ ઔષધીય ઉદ્યાનના ત્રણ ચંદન ચોરી અને ધાડના ગુના ડિટેકટ થયા છે. ચારેયની ધરપકડ કરી અન્ય સાત આરોપી પકડવા પોલીસે તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ એચ.કે. સોલંકી તથા માણસો તાજેતરમાં સે-૨૦માં બનેલા ચંદન ચોરીના ગુનાઓ ડિટેકટ કરવા કામે લાગ્યા હતા. ટેકનોલોજીની મદદ



લઈ ટીમે રાજસ્થાનથી ચંદન ચોરતી આંતર રાજય ગેંગના ચાર સાગરીતોને પકડી પાડયા છે. રાજસ્થાન-ચિત્તોડગઢ ખાતે રહેતો મુખ્ય સુત્રધાર હિરાલાલ પરમાર અને તેનો બીજો મુખ્ય સાગરીત રાજુ બંને મળીને ચંદન ચોરીઓ ઓપરેટ કરે છે. હિરાલાલ ભાડુતી માણસો લાવીને ટીમ બનાવી ચોરી કરાવે છે. અને રાજુ ચોરેલો મુદ્દામાલ વેચવાનું કામ કરે છે. ગાંધીનગર શહેરના સે-૨૦ ખાતે ઔષધીય ઉદ્યાનમાં બે વર્ષમાં ચંદન ચોરીના પાંચ જેટલા ગુના થયેલા છે. તેમાં સિકયુરીટી ગાર્ડ પર હુમલો કરી તાજેતરમાં ધાડ પણ થઈ હતી. આ પૈકીના ત્રણ ગુનાઓ આ પકડાયેલી ગેંગના સાગરીતોએ કબુલ્યા છે. પોલીસે નાસરઅલી અનારઅલી સૈયદ, સઈદ ઉર્ફે લાલા ઘાચીખા પઠાણ, સઈદ અલી સિરાજઅલી વલ્લી મહમદ સૈયદ અને હકિમખા ઉર્ફે છોટુખા અજીજખા શેખ મળી ચારની ધરપકડ કરી લીધી છે. તેમની પુછપરછમાં અન્ય સાગરીતો સજુખા સરીફખા પઠાણ, રાજુ ઉર્ફે રાજમલ પ્રતાપજી મોગીયા, બબલુ ઉર્ફે સલીમ અયુબખાન પઠાણ, પુરણ ઠાકુર, કાલુ જાટ (ડ્રાઈવર), ઉદય ગંગારામજી પરબીયા અને સંતોષ પુષ્કરલાલ શર્માના નામ ખુલ્યા છે. ફરાર તમામ સાત આરોપીઓની ધરપકડ માટે તજવીજ શરુ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ આ ગેંગે ઉદેપુરમાં જજના બંગલાના બગીચામાંથી અને કલેકટર કચેરીમાંથી પણ ચંદન ચોર્યા છે.

## આદર્શ નિવાસી શાળા ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

સેકટર-૮ આદર્શ નિવાસી શાળા ખાતે સિનિયર સિટિઝન કાઉન્સિલ મહિલા પાંખ દ્વારા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. હસમુખભાઈ શાહ અને રસિકભાઈ ગાંધીએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું તથા ધો-૧૨ની વિદ્યાર્થીની મિત્તલ ચૌહાણે ભજનની રજુઆત કરી હતી. 'શિક્ષણનું મહત્વ' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્પર્ધામાં ધો-૯ની કુલ ૧૪ વિદ્યાર્થીની તથા ધો-૧૦ની કુલ ૯ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ધો-૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા સમૂહગીત રજુ કરવામાં આવ્યું હતું. ધો-૧૦ની વિદ્યાર્થીનીઓ દ્વારા વૃક્ષના શિર્ષકની નાટીકા પ્રસ્તુત કરવામાં આવી હતી. વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. સિનિયર સિટિઝન કાઉન્સિલના બહેનો શર્મિષ્ઠાબેન દવે, આશાબેન દોશી, જસુબેન ઠકકર, જલારામ મહિલા મંડળના પ્રમુખ કુસુમબેન તન્ના, મંજુલાબેન ભલગામી, આશાબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રંજન ગુપ્તાએ કર્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા આયોજન સમિતિની ચૂંટણીને લઈ આજે ચૂંટાયેલા સભ્યોથી રચાયેલ મતદાર મંડળની યાદી પ્રસિદ્ધ કરી દેવાઈ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે અપીલ સમિતિની બેઠક હોવાથી પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર સવારે ૧૦ વાગે આવી ગયા હતા અને આખો દિવસ રોકાયા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ૬ સભ્યો ૬૦થી વધુની આયુ ધરાવે છે જ્યારે પાંચ સભ્યો ૩૫ થી પણ ઓછી આયુના છે. સૌથી યુવા સભ્ય નરેશ ઠાકોરની ઉંમર માત્ર ૨૯ વર્ષ છે.

● ગાંધીનગરમાં આજે કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકર પણ આવી રહ્યા છે. તેઓ સે. ૧૫ની ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સની પણ મુલાકાત લેનાર છે.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવાઓની અનિયમિતતાને લઈ લોકોમાં ફરિયાદો ઉઠી રહી છે.

● સપ્ટેમ્બર મહિનો હોવાથી સહકારી સંસ્થાઓમાં સામાન્ય સભાઓનો દોર ચાલી રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આજથી આંગણવાડીના બાળકોના વજન અને ઊંચાઈને લઈ એક વિશેષ અભિયાન શરૂ થયું છે.

● ગાંધીનગર શહેરના સીમાડે આવેલ સે. ૩૦માં સ્ટ્રીટલાઈટો બંધ રહેતાં વસાહતીઓમાં ભયની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે એટલુ જ નહિ ટોરેન્ટના સત્તાવાળાઓ બલ્બની ઉપલબ્ધિ નહિ હોવાનું બહાનુ આગળ કરી રહ્યા છે તેનાથી પ્રજાજનો ત્રાસી ગયા છે.

# સે.૩૦ ગોલ્ડન પાર્ક સોસાયટીની સ્ટ્રીટલાઈટો ૨૦ દિવસથી બંધ

## સાંજ ઢળતા જ સોસાયટી અંધકારમાં ગરકાવ થઈ જાય છે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે આવેલ ગોલ્ડન પાર્ક સોસાયટીમાં છેલ્લા ૨૦ દિવસથી સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે. ગોલ્ડન પાર્ક સોસાયટી સાંજ ઢળતા જ અંધકારમાં ગરકાવ થઈ જાય છે. વસાહતીઓને અંધકારને પગલે અસામાજીત તત્વો અને ચોરીનો ભય સતાવી રહ્યો છે. વસાહતીઓ દ્વારા ટોરેન્ટમાં વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે છતા હજુ સુધી કોઈ નકકર કાર્યવાહી થઈ શકી નથી. જયારે ચ-૬ થી ચ-૭ તરફના માર્ગની લાઈટો પણ બંધ રહેતા છેવાડાના સેકટરમાં રહેતા વસાહતીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે સોસાયટી તેમજ મુખ્યમાર્ગની સ્ટ્રીટલાઈટો સત્વરે શરુ થાય તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટલાઈટનો પ્રશ્ન નાગરીકોને સતાવી રહ્યો છે. શહેરમાં મોટાભાગના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરીક માર્ગોના વીજપોલ બંધ હાલતમાં છે. એક સમયે લાઈટથી ઝગમગતુ શહેર મોટાભાગનું તંત્રના વાંકે અંધારામાં ગરકાવ છે. ટોરેન્ટના તંત્રના વાંકે વસાહતીઓને અંધકારનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે શહેરમાં રાત્રીના સમયે અસામાજીક પ્રવૃતિઓ પણ ફુલીફાલી રહી છે. નગરના જુના અને છેવાડાના સેકટર-૩૦ સ્થિત ગોલ્ડન પાર્ક સોસાયટી સૌથી જુની અને જાણીતી છે. આ સોસાયટીના આંતરીક માર્ગના વિજપોલ છેલ્લા ૨૦ દિવસથી બંધ હાલતમાં છે. લાઈટો બંધ રહેતા સમગ્ર સોસાયટી અંધકારમાં ગરકાવ થઈ જાય છે. નાના બાળકો તેમજ સિનિયર સિટીઝન નાગરીકોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. અંધકારમાં ઠેસ વાગતા નાગરીકોને ઈજા પહોંચી હોવાના કિસ્સા પણ બનવા પામ્યા છે. ત્યારે અંધકારને પરિણામે નાગરીકોને ચોરી તેમજ અસામાજીક તત્વોનો ભય સતાવી રહ્યો છે. સોસાયટી દ્વારા વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતા ટોરેન્ટના બહેરા કાને વસાહતીઓની રજુઆત સંભળાતી નથી. ત્યારે સોસાયટી તેમજ ચ માર્ગ પરના વિજપોલ ક્યારે શરુ થાય છે તેની રાહ જોઈને વસાહતીઓ બેઠા છે.

## રાજ્યમાં ગુટકા તમાકુ અને નિકોટીન યુક્ત પાન-મસાલાના ઉત્પાદન-વેચાણ પર પ્રતિબંધ લંબાવાયો

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જાહેર જનતાના આરોગ્યને ધ્યાનમાં રાખીને ગુટકા-તમાકુ અને નિકોટીનયુક્ત પાન-મસાલાના ઉત્પાદન-વેચાણ અને સંગ્રહ પર તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૬થી અમલમાં આવે તે રીતે તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના જાહેરનામાથી વધુ એક વર્ષ માટે પ્રતિબંધ લંબાવવામાં આવ્યો છે, તેમ ફુડ એન્ડ સેફટી કમિશનર ડૉ. એચ.જી. કોશિયાની યાદીમાં જણાવાયું છે.

ગુટકા-તમાકુ અને નિકોટીનયુક્ત પાન-મસાલા ખાવાથી કેન્સર જેવા જીવલેણ રોગો થાય છે. આ રોગોનું પ્રમાણ દિવસે દિવસે વધતુ જ જાય છે. ગુટકા-તમાકુ અને નિકોટીનયુક્ત પાનમસાલાનું ઉત્પાદન, સંગ્રહ તેમજ વેચાણ કરવું ગુન્હો બને છે અને આ ગુન્હાહીત કાર્ય કરતા તેમજ આ જાહેરનામાનો ભંગ કરતા કોઈપણ વ્યક્તિ આ તંત્રના ધ્યાનમાં આવશે તો તેઓની સામે ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# મનપાની સફાઈ સેવામાં જ ભ્રષ્ટાચારની બદબૂ આવી રહી છે : અંકિત બારોટ

## ટેન્ડર પ્રક્રિયા આ સેવા આપવામાં થઈ નહિ હોવાથી તે રદ કરવાની માંગ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં માર્ગોની સફાઈ અંગે કરવામાં આવેલ ટેન્ડરીંગ પ્રક્રિયામાં



ગોટાળો થયો હોવાના આક્ષેપ સાથે આ ટેન્ડર પ્રક્રિયા રદ કરવામાં આવે તેવી માંગ કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે કરી છે.

આજે મહાનગરપાલિકા ખાતે કાઉન્સીલર બારોટના સમર્થકોએ દેખાવો અને સૂત્રોચ્ચાર કરી આ બાબતે નાયબ મ્યુનિ. કમિશનરને આવેદન પત્ર આપ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતાની એક જ સેવા મનપાને સોંપવામાં આવી છે ત્યારે સત્તાવાહકો સમગ્ર તંત્રની ચુપકીદી સામે પ્રશ્નાર્થ ઉઠાવ્યો છે. બારોટે જે એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે તેનો ભૂતકાળમાં વિરોધ કાઉન્સીલરોએ કર્યો છે તે વાતની યાદ પણ આ આવેદનપત્રમાં તાજી કરાવી છે.

બારોટે આવેદન પત્રમાં ટેન્ડર ભરનાર બીજી કંપનીને નજર અંદાજ કરવામાં આવી હોવાનું જણાવી મનપામાં ભ્રષ્ટાચાર થયો હોય તેમ

બારોટે જણાવ્યું છે કે સમગ્ર ટેન્ડર પ્રક્રિયા અંગેની વિગતો મેં માંગી હતી અને મને તે પુરી પાડવામાં આવી નથી જે પણ મારા કાઉન્સીલર તરીકેના અધિકારો પર તરાપ સમાન છે.

બારોટે સંપૂર્ણ ટેન્ડરીંગ પ્રક્રિયા પારદર્શક રીતે કરવામાં આવે તેવી માંગ કરી અને પોતે આ મુદ્દે લડત જારી રાખશે તેમ જણાવ્યું છે. મનમાનીથી નહિ પણ પારદર્શકતાથી વહીવટ સંભાળે અને પ્રજાને સાચી સેવા આપે તેવી માંગ પણ બારોટે કરી છે.

## સ્વરગૂંજન દ્વારા 'એક આનંદ દેવાનંદ' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સ્વર ગૂંજન મ્યુઝિકલ ગ્રુપ દ્વારા હિન્દી ફિલ્મોના સદબહાર અભિનેતા દેવ આનંદના જન્મદિન નિમિત્તે 'એક આનંદ દેવાનંદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૩મી સપ્ટેમ્બર શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં દેવાનંદના હિટસ ફિલ્મી ગીતો પ્રસ્તુત કરાશે. કાર્યક્રમમાં ગાંધીનગરના કલાકારો તથા જુનિયર દેવાનંદના નામથી દેવાનંદના ડુપ્લીકેટ આકર્ષણ જમાવશે. કાર્યક્રમમાં શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે ઉપરાંત પૂર્વ મેયર અને અગ્રણી સંસ્થાઓના વડા ઉપસ્થિત રહેશે.

# એફએસએલ સ્થિત બેલેસ્ટીક રીસર્ચ સેન્ટરને આઈએસઓ સર્ટીફિકેટ પ્રાપ્ત



ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના કેમ્પસમાં બેલેસ્ટિક આર્મર મટીરીયલ ટેસ્ટિંગ રેન્જ અને રીસર્ચ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. યુદ્ધમાં વપરાતા વાહનો, આર્મ્ડ વ્હીકલ, બુલેટપ્રુફ વાહનો સહિતના સાધનોની પ્રતિકારક શક્તિનું પરિક્ષણ કરતાં આ સેન્ટરને આઈએસઓ સર્ટિફિકેટ ૯૦૦૧ : ૨૦૧૫ પ્રાપ્ત થયુંછે. જે એફએસએલ માટે ગૌરવરૂપ છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જસ્ટીસ એન્ડ એડવાન્સ બેલેસ્ટિક ટેકનોલોજીકલ સેન્ટરે સુચવેલા ધારાધોરણ અનુસાર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બેલેસ્ટિક આર્મર મટીરીયલ ટેસ્ટિંગ રેન્જ અને રીસર્ચ ફાઉન્ડેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ફોરેન્સિક બેલેસ્ટિકની લેટેસ્ટ ટેકનોલોજી અને સાધનોના રીસર્ચ ક્ષેત્રે આ સેન્ટર ખુબ સરસ કામગીરી કરી રહ્યું છે. સમગ્ર દેશમાં એકમાત્ર હોય તેવા આ સેન્ટરમાં ફોરેન્સિક સાયન્સ વિદ્યાર્થીઓને અભ્યાસ અને સંશોધનની પૂરતી તકો પ્રાપ્ત થઈ શકે તેવા પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યા છે. દેશના સંરક્ષણ ક્ષેત્ર ગૃહ વિભાગ-સીક્યોરીટી એજન્સીઓને આ સેન્ટર દ્વારા સેવા પુરી પાડવામાં આવી રહી છે.

# ગાંધીનગરમાં બાળમજૂરી પ્રથા નાબૂદી અભિયાન અન્વયે જિલ્લાકક્ષાનો સેમિનાર યોજાયો

રાજ્યમંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું છે કે ગુજરાત સહિત સમગ્ર દેશમાં છ કરોડ બાળકોને બાળમજૂરીના વ્યવસાયમાંથી મુક્ત કરવાના છે. ગુજરાતમાં રાજ્યવ્યાપી બાળમજૂરી પ્રથા નાબૂદ અભિયાન અન્વયે લોકોમાં વધુ પ્રચાર-પ્રસાર થાય અને વ્યાપક જાગૃતિ દ્વારા બાળમજૂરો શિક્ષણ મેળવે તે દિશામાં પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતું. ગાંધીનગર જીઆઈડીસી સે. ૨૫ ખાતે બાળમજૂરી પ્રથા નાબૂદી અભિયાન અંતર્ગત જિલ્લાકક્ષાના સેમિનારમાં મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું હતું કે બાળકો દેશનું ભવિષ્ય છે. જિલ્લાકક્ષાના આવા સેમિનારના આયોજન દ્વારા ગાંધીનગર જિલ્લામાંથી બાળમજૂર પ્રથા સંપૂર્ણ નાબૂદ થાય અને જાગૃત નાગરિકો દ્વારા ગરીબ બાળકો શિક્ષણ મેળવે અને ગુજરાતની ૩૦ હજાર જેટલી આંગણવાડીઓમાં જતા બાળકોનું સ્વાસ્થ્ય સુધરે અને કૂપોષણ મુક્તિ અભિયાનમાં સફળતા દ્વારા શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરવા જણાવ્યું હતું.

# સિવિલ હોસ્પિટલમાં ફાર્માસિસ્ટની ઘટ કયારે પુરાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરની હોસ્પિટલ કરોડો રૂપીયાના ખર્ચે અત્યંત આધુનિક બનાવામાં આવી છે. હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ જિલ્લાભરમાંથી વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે તંત્ર દ્વારા હોસ્પિટલમાં આવતા દર્દીઓને કેસની લાંબી લાઈનમાંથી છુટકારો મળી રહે તે માટે ટોકન પધ્ધતિની અમલવારી કરવામાં આવી છે. ત્યારે હવે આ ટોકન પધ્ધતિની અમલવારી દવાની બારી ઉપર પણ કરવાનું તંત્ર દ્વારા વિચારણા હેઠળ છે. હોસ્પિટલમાં દવાના વિતરણ માટે ૯ કર્મચારીનો સ્ટાફ છે.શહેરની હોસ્પિટલાં છેલ્લા ઘણા સમયથી ફાર્માસિસ્ટની ઘટ છે. ત્યારે દવામાં ટોકન પધ્ધતિ કેટલા અંશે સફળ રહેશે તે જોવું રહ્યું...?



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહેલા જિલ્લાકક્ષાની હોવાથી માત્ર ૬ ફાર્માસિસ્ટથી ચાલતુ હતું. પહેલા માત્ર એક જ બિલ્ડીંગ હોવાથી દર્દીઓનો ધસારો ઓછો હોવાને કારણે ઓપીડી વિભાગમાં લાંબી લાઈન વિના દર્દીઓને દવાઓ સરળતાથી મળી રહેતી હતી. જયારે મેડીકલ કોલેજને પગલે ૬૦૦ બેડની હોસ્પિટલ બનતા દિવસ દરમ્યાન દર્દીઓનો ભારે ધસારો રહે છે. અત્યારે હાલના સમયે ગાંધીનગર જિલ્લા ઉપરાંત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ મોટીસંખ્યામાં આવતા ઓપીડી વિભાગમાં દર્દીઓનો લાંબી લાઈનો લાગતી હતી. આ લાઈનો ઓછી થાય અને દર્દીને સરળતા રહે તેવા ઉમદા હેતુથી કેસ માટે ટોકન પધ્ધતિ અમલવારી કરાઈ છે.જયારે હવે આ ટોકન પધ્ધતિ દવાની બારીમાં પણ શરુ કરવાનુ વિચારણા હેઠળ છે. ત્યારે મળતી માહિતી મુજબ હોસ્પિટલમાં માત્ર ૯ કર્મચારી છે જે અત્યારે હાલ ઓપીડી વિભાગમાં આવેલ ૪ દવાની બારી પરથી દવા વિતરણ કરાય છે.

મેડીકલ કોલેજને અનુલક્ષી ડોકટર, નર્સિંગ સ્ટાફ, કોમ્પ્યુટર ઓપરેટર સહિત તમામ વિભાગોમાં નવા કર્મચારીઓની ભરતી કરાઈ છે. તેમ છતા ઘટ હોવા હોસ્પિટલમાં ફાર્માસિસ્ટની જગ્યાની ભરતી કરાઈ નથી. તંત્ર દ્વારા ઓપીડીમાં સવારે ૬ અને સાંજે ૪ બારી પરથી દવાનું વિતરણ શકય બને તે દિશામાં કામગીરી કરાઈ રહી છે પરંતુ સ્ટાફની અછતને પગલે શકય બની રહ્યું નથી. જયારે સેકટરમાં રહેલી ડિસ્પેન્સરીમાંથી ફાર્માસિસ્ટને નાઈટમાં નોકરી માટે બોલાવવા પડે છે. જયારે આ સ્ટાફમાંથી કોઈ કર્મચારીને અચાનક રજા પર જવાનું થાય કે બિમારીમાં ના આવી શકે તેવી સ્થિતિમાં દવાના વિતરણમાં ભારે તકલીફનો સામનો કર્મચારીઓની ઘટને કારણે કરવો પડે છે. જયારે હોસ્પિટલના વધતા જતા કદ પ્રમાણે દવાના વિતરણમાં અંદાજીત ૨૦ કર્મચારીઓનો સ્ટાફ હોવો જરુરી છે.

## કોબા કસ્તુરબા ગાંધી સ્ત્રી અધ્યાપન મંદિરમાં હિન્દી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫

કસ્તુરબા ગાંધી સ્ત્રી અધ્યાપન મંદિર, કોબા, જિલ્લો - ગાંધીનગર ખાતે ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદના સૌજન્ય-સહયોગથી ૧૪ સપ્ટેમ્બરે ''હિન્દી દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. ''હિન્દી દિવસ''ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર-અમદાવાદની ડી.એલ.એડ. (પી.ટી.સી.) કોલેજોના વિદ્યાર્થીઓની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ સાત કોલેજોના ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ''સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, સમૃદ્ધ ભારત'' એ વકતૃત્વ સ્પર્ધાનો વિષય હતો. તમામ વિદ્યાર્થીઓએ વિષયને અનુરૂપ ધારદાર અને વિવિધ વકતૃત્વ-શૈલી દ્વારા પોતાના વિચારો રજૂ કર્યા હતા.